# ઈનડોર પ્લાન્ટ્સ ડેકોરેશન આઈડિયાઝ...



પ્લાન્ટ્સ બહારનો માહોલ ઘરમાં લાવવાની અને લિવિંગ રૂમમાં ટેક્સચર ઉમેરવાની એક સારી રીત છે. ન્યૂટ્રલ લિવિંગ રૂમમાં એ કલર્સનો ટચ ઉમેરે છે. લોકો લિવિંગ રૂમમાં મેક્રેમ હેંગિંગ બાસ્કેટમાંથી લટકતી વેલ સુંદર લાગે છે. પ્લાન્ટ્સ સ્ટ્રેસ ઘટાડતાં અને પ્રોડક્ટિવિટી વધારતાં હોવાનું પણ કહેવાય છે. એ રૂમમાં હવાની ગુણવત્તા અને આપણા મૂડને પણ સારાં બનાવી શકે છે.

જો તમે ઘરમાં ઈનડોર પ્લાન્ટ્સ રાખવા ઈચ્છતાં હો અને એને હોમ ડેકોરનો એક હિસ્સો બનાવવા ઈચ્છતાં હો તો લિવિંગ રૂમમાં ઈનડોર પ્લાન્ટ્સ સ્ટાઈલ કરવાની કેટલીક રીત જાણીએ...

ઘરની અંદર પ્લાન્ટ ડેકોરેશન એ એક હોમ ટ્રેન્ડ કરતાં કંઈક વિશેષ છે. એ એક ક્રિયેટીવ સફર છે જે તમારી જગ્યાને એક શાંત, વાયબ્રન્ટ જગ્યામાં ફેરવી દે છે. જો તમે શહેરમાં રહેતાં હો અને ઘરમાં પ્રાકૃતિક સ્પર્શ ઉમેરવા ઈચ્છતાં હો કે હોમ ડેકોરમાં નવી સ્ટાઈલ શોધી રહ્યાં હો તો પ્લાન્ટ્સ સ્ટાઈલિંગ એલિગન્ટ લુક મેળવવાની ચાવી છે.

## પ્લાન્ટસ સ્ટાઈલ કરવાની રીત :

ઘરની અંદર પ્લાન્ટ્સ સ્ટાઈલ કરવાનો અર્થ માત્ર યોગ્ય છોડ પસંદ કરવા એ જ નથી પરંતુ એ તમે ક્યાં અને કેવી રીતે રાખો છો એ પણ છે. આવો જાણીએ કેટલાક અજમાવેલા આઈડિયાઝ..

## પ્લાન્ટ શેલ્ફ

ઈનડોર પ્લાન્ટ ડેકોરેશનની વાત હોય તો પ્લાન્ટ શેલ્ફ તમારા શ્રેષ્ઠ મિત્રો છે. વોલ માઉન્ટેડ, વુડન શેલ્ફ, મેટલ ગ્રીડ યુનિટ્સ કે ફ્લોટિંગ કોર્નર શેલ્ફ પસંદ કરી શકાય. આઈવી અથવા સ્ટ્રિંગ ઓફ હાર્ટસ જેવા વેલવાળા છોડ ટેક્ચસર અને વિઝ્યુઅલ ઈન્ટરેસ્ટ ઉમેરવાની શાનદાર રીત છે. કેટલીક શાનદાર ઓપન શેલ્ફ સ્ટાઈલિંગ માટે એને બુક્સ, ફોટા અને ડેકોરેટીવ પીસીસની વચ્ચે અલગ અલગ લેવલ પર, થોડા થોડા અંતરે રાખો.

સ્નેક પ્લાન્ટ જેવા લાંબા છોડ, પોથોસ જેવી લકટતી વેલ, સિરેમિક કૂંડાંમાં સક્યુલન્ટ જેવા પ્લાન્ટ્સ પસંદ કરી શકાય.

તમે એક ટ્રાયંગલ લેઆઉટ પણ ટ્રાય કરી શકો. પાછળ લાંબા પ્લાન્ટ, સાઈડમાં લટકતાં અને આગળ નાના પ્લાન્ટ્સ.



## હાઈટ માટે હેંગિંગ પ્લાન્ટ્સ

જો ફર્શ પર જગ્યા ઓછી હોય તો તમે વર્ટિકલ પસંદ કરી શકો. હેંગિંગ ટેરેરિયમ્સ સ્ટાઈલિશ, મોડર્ન અને જગ્યા બચાવનાર હોય છે. એને બારીની નજીક અથવા રીડિંગ કોર્નર્સ પર લટકાવો. પ્લાન્ટ્સ લટકાવવા એ જુદી જુદી હાઈટ લેવલ્સ ઉમેરવાની એક બીજી રીત છે.

આ સ્ટાઈલ એર પ્લાન્ટ્સ, આઈવી કે બેબી ટીઅર્સ માટે આદર્શ છે. વધારે આકર્ષણ માટે પથ્થર, મોસ કે ફેરી લાઈટ્સ પ્લાન્ટર્સમાં રાખી શકાય. તમારા રૂમનાં થીમ સાથે મેચ કરવા માટે મેક્રેમ હેન્ગર કે ગોલ્ડ રીંગ માઉન્ટસનો ઉપયોગ કરી શકાય.



## કોર્નર પ્લાન્ટ્સ અરેન્જમેન્ટ

કોર્નર્સને મોટા ભાગે નજરઅંદાજ કરવામાં આવે છે પરંતુ યોગ્ય પ્લાન્ટ્સથી એ તમારા રૂમનો આકર્ષક ખૂણો બની શકે છે. એક ગૂંથેલા બાસ્કેટમાં ઊંચો અરેકા પામ કે રબર પ્લાન્ટ રાખો. સાથે પીસ લીલી જેવો એક નાનો છોડ પણ રાખો.

હાઈટ અને ડેપ્થ ઉમેરવા માટે મલ્ટી લેવલ સ્ટેન્ડ રાખી શકાય.

## કોફી ટેબલ સ્ટાઈલિંગ

ફિટોનિયા, કેકટસ કે મીની જેડ પ્લાન્ટ્સ જેવા નાના ટેબલટોપ પ્લાન્ટ્સ આકર્ષક નજારો બનાવી શકે છે. લુકને કમ્પ્લીટ કરવા માટે કેન્ડલ્સ, બુક્સ અને વુડન ટ્રેઝ સાથે રાખી શકાય.

સક્યુલન્ટ્સ, સ્પાઈડર પ્લાન્ટ્સ કે નાના ફર્ન અને સ્નેક પ્લાન્ટ્સને કોફી ટેબલ પર ગ્રુપમાં રાખો. એને કલરફુલ અને સ્ટેટમેન્ટ કૂંડાંમાં રાખો જેથી ડેકોરનો હિસ્સો બની શકે. એ ફ્લાવર્સનો એક સારો અને લાંબાગાળે સસ્તો વિકલ્પ છે. એની દેખભાળ પણ ઓછી કરવી પડે છે. માત્ર ક્યારેક ક્યારેક પાણી નાખવું પડે છે.

## વિન્ડો સિલ ગાર્ડન

બારી પ્રકાશ લાવે છે અને પ્રકાશ જિંદગી લાવે છે. તુલસી, રોઝમેરી જેવા હર્બ્સ અથવા આફ્રિકન વાયલેટ્સ જેવાં ફૂલોને કલરફુલ સિરેમિક કૂંડાંમાં રાખો.

વૈવિધ્ય

## એન્ટ્રી વે સ્ટેટમેન્ટ પ્લાન્ટ્સ

ફિડલ લીફ ફીગ અથવા મોન્સ્ટેરા ડિલિસિયોસા જેવા પ્લાન્ટ્સ જોઈને 'ઘરમાં તમારું સ્વાગત' છે એવો અહેસાસ થાય છે. વધારે વિઝ્યુઅલ ડેપ્થ માટે પ્લાન્ટસની પાછળ સ્પોટ લાઈટિંગ અથવા આર્કવાળા અરીસાનો ઉપયોગ કરો.



## ટિપ્સ

- ઓડ નંબર્સને વળગી રહોઃ ત્રણ કે પાંચના સેટમાં સ્ટાઈલિંગ જોવામાં સારી લાગે છે.
- ટેક્સચર કોન્ટ્રાસ્ટઃ મેટ પોટ્સ સાથે ગ્લોસી પાંદડાં? હા, ચોક્કસ જ.
- કલર કોઓર્ડિનેશનઃ પ્લાન્ટર્સના કલર્સને તમારી દીવાલ, પડદા અને રંગના કલર સાથે મેચ કરો.
- લેયર હાઈટ્સઃ ઊંચા ફ્લોર પ્લાન્ટને મીડ લેવલ અને ટેબલટોપ ગ્રીનરી સાથે મિક્સ કરો.
- સિરેમિક, ટેરાકોટા કે ટકાઉ પોટ્સ પસંદ કરો જે તમારી જગ્યાને આકર્ષક બનાવે.
- એકરૂપતા જાળવી રાખવા માટે બ્રીધેબલ પોટ્સ અને મેચિંગ પ્લાન્ટર સેટનો ઉપયોગ કરો.



## ઈનડોર સ્ટાઈલિંગ માટેના સારા છોડ

| નામ | ક્યાં રાખશો? | શેને માટે આદર્શ? | જાળવણી |
|---|---|---|---|
| સ્નેક પ્લાન્ટ | બેડરૂમ, લિવિંગરૂમ | કોર્નર ડેકોર | ઓછી |
| મની પ્લાન્ટ | બારી, બાલ્કની | શેલ્ફ કે હેંગિગ ડેકોર | મધ્યમ |
| અરેકા પામ | એન્ટ્રીડ્રોર, હોલ | એન્ટ્રી વે સ્ટેટમેન્ટ | મધ્યમ |
| Z પ્લાન્ટ | ઓફિસ, સ્ટડી રૂમ | પ્લાન્ટ ડેસ્ક કે ટેબલ ટોપ | બહુ ઓછી |